ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# શહેરના મુખ્ય બજારો મોડી રાત સુધી ધમધમ્યાં

## ધનતેરસે સોના-ચાંદીના દાગીના : મીઠાઈ-મુખવાસ અને અન્ય ચીજવસ્તુઓની ખરીદી જામી





ગાંધીનગર, તા.૧૧

શાળાઓ અને કચેરીઓમાં રજા પડતાં જ દિવાળીની ખરીદી જામી છે. શનિ-રવિની રજાઓ દરમિયાન બજારો ભીડથી ઉભરાયા હતા. સવારથી મોડી રાત સુધી વિવિધ ચીજવસ્તુઓની ખરીદીમાં ગ્રાહકો મશગુલ બન્યા હતા.

સર્વત્ર આનંદ-ઉલ્લાસનુંવાતાવરણ જોવા મળી રહ્યુંછે. દિવાળી અને બેસતાવર્ષના તહેવારોને આડે હવે માંડ એકાદ-બે દિવસ રહ્યા છે ત્યારે ખરીદીનો માહોલ પુર્ણપણે જામ્યો છે. બજારોમાં જયાં નજર કરો ત્યાં ગ્રાહકોની ભીડ જોવા મળી રહી છે.દિવાળી પહેલાં શનિ-રવિની રજાઓમાં શહેરના મુખ્ય બજારો ભીડથી ઉભરાતા હતા. સેકટર-૨૧, સેકટર-૨૪ અને સેકટર-૭ના બજારો રાત્રે ૧૧ વાગ્યા સુધી ખુલ્લા રહ્યા હતા. રવિવારે તો આખો દિવસ બજારોમાં ભીડ ઉમટી હતી.

તૈયાર કપડાંઓની દુકાનોમાં ઘરાકી જામી હતી. પેન્ટ-શર્ટ ઉપરાંત બાળકોના કપડાંઓની ખરીદી સૌથી વધુ થઈ હતી. ફુટપાથ પર બેસતા ફેરીયાઓથી લઈને મોટા શો-રૂમમાં ગ્રાહકો જોવા મળ્યા હતા. સેકટર-૨૧ ને સેકટર-૨૪ના બજારોની પાસે પાર્ક કરેલા વાહનોનો ખડકલો જોવા મળ્યો હતો. જૂના સચિવાલયની પાછળ આવેલા મીના બજારમાંથી પણ મધ્યમવર્ગીય પરિવારોએ ખરીદી કરી હતી.

બેસતા વર્ષે મહેમાનોના સ્વાગતમાં મુકવામાં આવતા નાસ્તા, મીઠાઈ અને મુખવાસની ખરીદી થઈ હતી. સુકા નાસ્તા અને મુખવાસના પેકેટ તો નાના-નાના લારી-ગલ્લામાં પણ વેચાયા હતા. જયાર મોટા સ્ટોરવાળાએ નાસ્તા, ફરસાણ માટેના વિશેષ સ્ટોલ શરુ કરી ઘરાકીને પહોંચી વળવાનો પ્રયાસ કર્યો હતો. ચવાણુ, ચેવડો, મઠીયા અને ચોળાફળી તથા મીઠાઈઓની ખરીદી સૌથી વધુ થઈ હતી.

આ ઉપરાંત દિવાળીની રોશની માટે લાઈટીંગની સિરીઝ, કોડીયા, રંગબેરંગી દીવડાઓ તથા રંગોળી માટેના રંગોની ખરીદી પણ ઘણાએ કરી હતી. બુટ-ચંપલોની દુકાનોમાં ગ્રાહકોને આકર્ષવા વિવિધ ડિસ્કાઉન્ટ તથા ઓફરો મુકવામાં આવી હતી. પડદા, ચાદરો, પગલુછણીયા સહિત ઘર સજાવટની વિવિધ ચીજવસ્તુઓ પણ ખુબ વેચાઈ હતી.

ધનતેરસના શુભ મુહૂર્તમાં શુકનમાં મુકવા માટેના સોના-ચાંદીના સિક્કાઓ તથા દાગીનાઓની ખરીદી માટે જવેલર્સની દુકાનો પર ભીડ જામી હતી. કેટલાક વસાહતીએ પોસ્ટ ઓફિસ અને બેંકોમાંથી પણ સોના-ચાંદીના સિક્કાઓ-લગડીઓની ખરીદી કરી હતી. મોટી દુકાનોથી લઈને લારીઓ પર પણ ફટાકડાઓનું ધૂમ વેચાણ થયું હતું. હજુ દિવાળીની પૂર્વ સંધ્યાએ ફટાકડાઓનું માર્કેટ વધુ ધમધમશે તેવું અનુમાન વેપારીઓ લગાવી રહ્યા છે. મંદી અને મોંઘવારીની અસર હોવા છતાં વસાહતીઓએ બજેટમાં જરુરી ફેરફાર કરી દિવાળીના પર્વોની ઉલ્લાસભેર ઉજવણીનો માહોલ બાંધ્યો છે.





**જુનો સામાન વેચવાનો છે**

ઈલે. મોટર, જુના ટ્યુબ-ટાયર, બેટરી, ટ્રકનો સામાન, પ્લાસ્ટીક કેરબા, કોલસાની ભૂકી સ્જી બેરલ, લોખંડ ભંગાર, લાકડાની અલગ-અલગ સાઈઝ, મુશ તુટેલી

**સચેતા મેટલ્સ લિમીટેડ**

ફેક્સ નં. : ૦૨૭૭૦ - ૨૨૦૮૩૯

મોબાઈલ : ૯૪૨૭૮૭૧૯૪૨, ૯૮૨૫૧૨૪૯૫૨

## ગાંધીનગરમાં ઠંડીનો ચમકારો

ગાંધીનગર, તા.૧૧


ઠંડીની મૌસમ હવે શરૂ થઈ ગઈ હોય તેવું લાગી રહ્યું છે. ગઈ રાત્રે લઘુત્તમ તાપમાન ૧૪.૫ ડિગ્રીએ પહોંચી જતા વસાહતીઓએ ઠંડીનો અનુભવ કર્યો હતો. આ વર્ષે ઠંડી વહેલી શરૂ થઈ ગઈ છે. હજુ તો નવેમ્બર માસ માંડ અડધો થયો છે ત્યાં ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. ગાંધીનગરમાં વૃક્ષોની સંખ્યા વધુ હોવાથી ઠંડીનો અનુભવ વધુ થાય છે. વહેલી સવારે ને મોડી સાંજે ઠંડી એકાએક જ વધી જાય છે. જો પવન હોય તો ઘરના બારી બારણાં પણ બંધ રાખવા પડે છે. ગઈ રાત્રે લઘુત્તમ તાપમાન ૧૪.૫ ડિગ્રીએ પહોંચી જતાં વસાહતીઓએ ગરમ વસ્ત્રોમાં વિંટળાવવું પડયું હતું. આજે મહત્તમ તાપમાન ૩૧.૨ ડિગ્રી રહ્યું હતું.

**લઘુત્તમ તાપમાન ૧૪.૫ ડિગ્રીએ પહોંચ્યું**

## સે.૩૦માં કિશોરીએ દવા ગટગટાવી

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરના સેકટર-૩૦ ખાતે 'જ' ટાઈપ ના સરકારી મકાનમાં રહેતી ૧૫ વર્ષીય કિશોરીએ ગઈ કાલે મોડી સાંજે પોતાના ઘરે જ કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી લઈ આપઘાતનો પ્રયત્ન કર્યો હોવાનો કિસ્સો બનવા પામ્યો છે. તેણીના પરિવારજનોએ આ અંગે જાણ થતા તાત્કાલિક હોસ્પિટલ લઈ જવાઈ હતી. હાલ સદ્ભાગ્યે તેણીની તબિયત સુધારા પર છે. સે-૨૧ પોલીસે જાણવા જોગ અરજીને આધારે આપઘાતનો પ્રયાસ કરવા પાછળનું કારણ જાણવા તપાસ આરંભી છે.







Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com